**<u>સી. આઈ. ડી. ક્રાઈમ પો. સ્ટેશન ગુના રજી નંબર ૧૨૦૧૦૧૫૨૧૦૦૦૭/૨૦૨૧ ના કામે અરજદાર તુષાર ભરતભાઈ સેજપાલ નાઓની મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :-</u>**

---------------------------------------

૧. અરજદારની અરજી વંચાણે લીધી. કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લીધેલ. આ કામે મુદામાલ Apple IPhone 11 Pro Midnight Green, 64 GB જે મુદામાલ પાવતી નંબર ૦૭/૨૦૨૧ તારીખ ૧૮/૦૫/૨૦૨૨ ના કામે આઇ. પી. સી. કલમ ૪૦૬, ૪૦૮, ૪૬૫, ૧૨૦(બી) મુજબના ગુન્હાના કામે કબજે કરેલ છે, તે મુદામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે અને અરજદારે અરજીના સમર્થન માં અરજદારે મુદામાલ પોતાની માલિકીનુ હોવાનુ મુદામાલનુ બિલ તેમજ પોતાનુ આધારકાર્ડ રજુ રાખેલ છે.

૨. સદરહુ મુદામાલ પરત મેળવવાની અરજી સબંધે રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ વંચાણે લેતા સદરહુ મુદ્દામાલ હાલના ગુનાના કામે કબજે થયેલ છે. અરજદાર સિવાય બીજા કોઈનો કલેઈમ નથી અને અરજદારે મોબાઈલના બિલની નકલ સાથે જોડેલ છે જે જોતા મોબાઈલ અરજદારની માલિકીનો હોવાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે, જે વંચાણે લી ધેલ.

૩. અરજદારનાં વકીલશ્રી તેમની દલીલમાં જણાવે છે કે, સદરહું મુદામાલ અરજદારના રોજ બરોજનાં ઉપયોગનું સાધન છે. તેમજ સદરહું મુદામાલ્ જે ગુન્હા ના કામે કબજે કરવામાં આવેલ છે તે ગુન્હાની ટ્રાયલ કયારે ચાલે તે નકકી નથી અને ટ્રાયલ પુર્ણ થવામાં ઘણો લાંબો સમય જાય તેમ છે તે સંજોગોમાં મુદામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડયું રહેવાથી તેનાં સ્પેર પાર્ટસમાં નુકશાન જાય તેમ છે તેમજ યાંત્રીક નુકશાની જાય તેમ છે. તેથી મુદામાલ વચગાળાની કસ્ટડીમાં પરત સોપવા અરજ કરેલ છે અને મુદામાલ પરત સોપતી વખતે નામદાર અદાલત ફરમાવશે તેવી તમામ શરતોનુ ચુસ્તપણે પાલન અરજદાર કરશે તેમ જણાવી મુદામાલ પરત સોપવા વિનંતી કરેલ છે.

૪. આ કામે બન્ને પક્ષની દલીલો સાંભળી તેમજ રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામે મુદામાલ આઇ. પી. સી. કલમ -

૪૦૬, ૪૦૮, ૧૨૦(બી) વિ. જેવી ગંભીર પ્રકારના ગુન્હામાં કબ્જે કરેલ છે, તેમજ રજુ થયેલ પોલીસ પેપર્સ ધ્યાને લેતા સદરહુ મુદામાલ છેતરપિંડીના રુપિયાથી ખરીદ કરેલ હોવાનુ સંભળાવતા હોયે જે હકિકત અવગણી શકાય નહી તેમજ આવા ગંભીર પ્રકારના ગુનામા સંડોવાયેલ મુદામાલ છોડવામા આવે તો ફરી આવા પ્રકારના ગુના આચરતા અચકાશે નહી અને સમાજ ઉપર તેની ગંભીર વિપરીત અસર પડે તેમ છે તેમજ સદર કેસમાં ગુનાની ગંભીરતા જોતાં સદરહુ મુદામાલ વાહન છોડવા અત્રેની કોર્ટને મળેલ સત્તા વાપરવી ન્યાયોચીત જણાતું ન હોય તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

અરજદારની હાલની મુદામાલ પરત મળવાની અરજી **"ના મંજુર"** - રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૨ માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૦૨/૦૫/૨૦૨૬

**(મિતલબેન દિલીપસિંહ જાદવ)**
૮મા અધિક જ્યુડી.મેજી.ફ.ક.,
**રા જ કો ટ.**
**UIC NO.GJ01746**